# ડીઝલ ચોરી કરતી ટોળકીને પકડી પાડતી દાંતા પોલીસ

દાંતા, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરના સુચનથી તથા ના.પો. અધિ. સા. બી.એ. ચાવડા તથા સીપીઆઈ એચ.એન. રાઠોડના માર્ગદર્શન હેઠળ આજરોજ પો.સબ ઈન્સ. અલગ અલગ ત્રણ કેરબામાં ભરેલ જેની કિંમત રૂ. ૫૭૦૦ લેખે કબજે કરેલ હોય જેમાં આરોપી નજરસિંહ વાલસીંહ ચૌહાણ રહે. ઝેરડા તા. ડીસા તથા અરવિંદસીંહ બાબુસીંહ વાઘેલા રહે. ઝેરડા તા. ડીસાનાઓ આરોપી



એ.આર. વાળા તથા એ.એસ.આઈ. ભગવાનપુરી મણીપુરી તથા અ.હે.કો. ચંદનસીંહ પરબતસીંહ તથા પો.કો. નરસીંહભાઈ વિગેરે સ્ટાફના માણસો સાથે પ્રોહી અંગેની વોચમાં હતા. દરમ્યાન એક જીપ નં. જીજે.૦૨. કે.૪૪૬૧ શકમંદ લાગતા ઉભુ રખાવતા જેમાં ૧૦૦ લીટર ઈશ્વરસિંહ રાજુસિંહ ચૌહાણ રહે. ભાણવાસ,તા. સતલાસણ વાળા પાસેથી વેચવા સારૂ લઈ જતા હતા.

આમ આરોપીનાઓએ ધરતી કવોરી ખાતેથી હીટાચી મશીનમાંથી ડીઝલ ચોરી હોવાની કબુલાત કરેલ જે અન્વયે આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



## માલપુરમાં ભારે વાવાઝોડા સાથે વરસાદ

અરવલ્લી જિલ્લાના માલપુર પંથકમાં શનિવાર સાંજના સુમારે ભારે વાવાઝોડા સાથે વરસાદ તુટી પડતાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. માલપુર ગામના મુખ્ય માર્ગ પર આવેલા હનુમાન મંદિર પાસે ઝાડ પડતાં ઝાડ નીચે ગલ્લો કરીને ગુજરાન ચલાવતા લાલાભાઈ કડિયાને ભારે ઈજા થતાં તાત્કાલિક દવાખાને ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમ્યાન શરસર પર પાંચ ટાંકા લેવા પડ્યા હતા. આ ઉપરાંત બારે વાવાઝોડાના લીધે માલપુર પંથકમાં વિજપોલ પડી જવાના પણ બનાવ બન્યા હતા.

# ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલી મુદ્દામાલ સાથે પકડી પાડતી દાંતા પોલીસ

દાંતા, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સુચનાથી તથા ના.પો. અધિ. બી.એ. ચાવડા તથા સીપીઆઈ એચ.એન. રાઠોડના માર્ગદર્શન અન્વયે આજરોજ દાંતા પો.સ્ટે. ફસ્ટ ગુરનં.૪૮/૨૦૧૬ ઈ.પી.કો. કલમ- ૩૭૯ મુજબનો ગુનો કલાક ૮.૩૦ વાગે રજીસ્ટર થયેલ જે ગુનાના કામે અમો સી.સી.ટી.વી. કુટેજમાં આરોપી ચોરી કરતો જણાઈ આવેલ. સીસીટીવી કુટેજ આધારે આરોપીની તપાસમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન જગતાપુરા પાસે મહીલા નામે કમલીબેન ઉદાભાઈ ભુપતાભાઈ બુબડીયા રહે. ધ્રાંગીવાસ દાંતા વાળી સીસીટીવી કુટેજ મુજબની જણાઈ આવેલ જેની પાસેથી રોકડા રૂપીયા ૯૦૦૦ તથા ચાંદીના સીક્કા નંગ-૭ કિંમત રૂ. ૨૦૦ લેખે કુલ રૂ. ૧૪૦૦ મુદ્દામાલ કિંમત રૂ. ૧૦,૪૦૦ સાથે ફરીયાદ મુજબનો સંપુર્ણ મુદ્દામાલ સાથે અમો. પો.સબ. ઈન્સ. એ.આર.વાળા તથા પો. સ્ટાફના એ.એસ.આઈ. હીરાભાઈ મેધાભાઈ તથા પો.કો. રમેશભાઈ નાગરભાઈ તથા પો.કો. દીલીપપુરી વસંતપુરીનાઓ સાથે રહી પકડી પાડેલ અને સંપુર્ણ મુદ્દામાલ સાથે આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# રાજેન્દ્રનગર ચોકડી નજીક સહયોગકૃષ્ઠ યજ્ઞ આશ્રમમાં સંગીત સંધ્યા યોજાઈ

### આશ્રમમાં રહેતા મંદબુધ્ધી, રક્તપિત્ત, પ્રજ્ઞાચક્ષુઓ સંગીત સંધ્યામાં જુમી ઉઠ્યા

મોડાસા, તા. ૨૫

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીકના અને




દેશ-વિદેશમાં રક્તપિત્તની બીમારીથી પીડાતા દરદીઓને આશ્રયસ્થાન તેમજ તબીબી સેવા સાથે શિક્ષણ અને રોજગારી પુરી પાડી અનોખી સેવાયજ્ઞમાં જાણીતા બનેલા સહયોગકૃષ્ઠ યજ્ઞ આશ્રમમાં શનિવારે સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાતા સહયોગ કૃષ્ઠ યજ્ઞ આશ્રમમાં રહેતા મંદબુદ્ધી, રક્તપિત્ત તેમજ પ્રજ્ઞાચક્ષુઓમાં આનંદ છવાયો હતો અને સંગીત સંધ્યામાં ઝુમી ઉઠ્યા હતા.

રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા સહયોગ કૃષ્ઠ યજ્ઞના સંચાલક સુરેશભાઈ સોની દ્વારા મોડાસાના સંગીતપ્રેમી સુરેશભાઈ ત્રીવેદી તથા મોડાસાના જાણીતા તબીબોએ સાથે મળીને એક સંગીત સંધ્યાનું આયોજન શનિવારે રાત્રે કરવામાં આવ્યુ હતુ. સહયોગ કૃષ્ઠ યજ્ઞ આશ્રમના સમાહર્તા દ્વારા આશ્રમના પટાંગણમાં સંગીત સંધ્યાનું આયોજન કરાતા આશ્રમમાં રહેતા



૧૦૨૬ પ્રજ્ઞાચક્ષુ, મંદબુદ્ધી તથા રક્તપિત્તથી પીડાતા દર્દીઓ સંગીત સંધ્યામાં આમ નાગરીકો અને તબીબો સાથે સંગીતના તાલે તેમના તમામ દુઃખ દર્દ ભુલીને ઝુમી ઉઠ્યા હતા. સમાજમાં સામાન્ય જીવન ગુજારતા લોકોને પણ સંગીત સંધ્યામાં જોડાતા સહયોગ કૃષ્ઠ યજ્ઞ આશ્રમનું વાતાવરણ સંગીતમય બની ગયું હતું.

સહયોગ કૃષ્ઠ યજ્ઞના સમાહર્તા સુરેશભાઈ સોનીના જણાવ્યા અનુસાર રાજેન્દ્રનગર ચોકડી નજીક ૨૬ રક્તપીત્તથી પીડાતા લોકો સાથે સેવાની શરૂઆત કરી હતી જે હાલના સમયે સહયોગ કૃષ્ઠ યજ્ઞમાં મંદબુદ્ધીના દરદીઓ, પ્રજ્ઞાચક્ષુઓ તેમજ રક્તપિત્તથી પીડાતા અને સમાજ કે પરિવાર દ્વારા તરછોડાયેલા લોકો મળી કુલ હાલ ૧૦૨૬ વ્યક્તિઓનો પરિવાર છે. સહયોગ કૃષ્ઠ યજ્ઞ દ્વારા રક્તપિત્તથી પીડાતા દર્દીઓને તમામ નિઃશુલ્ક સારવાર તેમજ તેમના બાળકોને શિક્ષણ તથા રહેઠાણ અને રોજગારીની તકો પુરી પાડવામાં આવી રહી છે.

# શ્રાધ્ધ પક્ષમાં અનોખી શ્રધ્ધાંજલી

અમીરગઢ, તા. ૨૫

અમીરગઢ તાલુકાની મુખ્ય અમીરગઢ પ્રા. શાળાના શિક્ષિકાબેન શ્રીમતિ લક્ષ્મીબેન દેવનાણીએ પોતાના વ્હાલસોયા સ્વ. પુત્ર ભાવેશની યાદમાં કરવાની બાળકોને પ્રતિજ્ઞા લેવડાવી. તથા માતા-પિતા વગરના બાળકોને ભેટ અર્પણ કરી હતી.

શ્રી લક્ષ્મીબેને તેમના વક્તવ્યમાં કહ્યુ કે તેમના પુત્રને બર્થડે બહુ જ પ્રિય હતો. માટે શાળાના બાળકોનો



શાળામાં જે બાળકોનો સપ્ટેમ્બર માસમાં બર્થડે હોય તેવા બાળકોની જન્મ ઉજવણી કરી હતી.

તેમણે શાળાના સ્ટેજને બર્થડે પાર્ટી જેવુ સુશોભિત કરીને બાળકોન કેક કટીંગ કરાવી, મીણબત્તી પ્રગટાવીને પોતાના જન્મ દિને માતા-પિતા, ગુરૂજનો, શાળા, ગામ, રાજ્ય અને દેશનું ગૌરવ વધે તેવા કાર્ય જન્મ દિન ઉજવીને તેમના પુત્રને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય તથાતમામ સ્ટાફમિત્રોએ બાળકોને બર્થડે પાર્ટીનો અનેરો આનંદ લૂંટાવ્યો હતો. જેમાં કેટલાક ગ્રામજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજના ગલતેશ્વરની મહિલાએ અગમ્ય કારણોસર કેરોસીન છાંટ્યુ

### સારવાર અર્થે પહેલાં પ્રાંતિજ અને વધુ સારવાર માટે હિંમતનગર ખસેડવામાં આવ્યા

પ્રાંતિજ તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ગલતેશ્વર ગામે રહેતાં અલ્પાબેન પ્રવિણ સિંહ અમૃતસિંહ ઉ.વર્ષ-૨૦ કે જેવો લગ્ન જીવનના બે વર્ષ થયાં છે અને પોતાના ઘરે રાત્રીનાં સમયે કોઇ અગમ્ય કારણોસર પોતાના જાતે શરીરે કેરોસીન છાંટી લેતાં દાઝી જતાં તેઓને પહેલાં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતાં જયારે ત્યાંથી તેમને હિંમતનગર સિવિલ ખાતે ખસેડવવા આવ્યા છે જયારે આ અંગેની જાણ પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્રના હાજર તબીબી ડૉ. ડી. કે. જોગીયા દ્વારા કરતા પ્રાંતિજ પોલિસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.






## શામળાજી પાસેથી ૧.૨૨ કરોડનો વિદેશી દારૂ પકડાયો

અરવલ્લી જિલ્લાની શામળાજી ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારૂ ઝડપાવવાનો સિલસિલો યથાવત રહ્યો છે. જેમાં શામળાજી પોલીસે વાહન ચેકિંગ દરમિયાન વહેલી સવારે બે ટ્રક કન્ટેનરમાંથી ૧.૨૨ કરોડનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો.જેમાં શામળાજી પોલીસ અને જિલ્લા એલસીબી પોલીસે હરિયાણા પાસીંગના બે કન્ટેનર ટ્રકમાંથી ૯૯૮ અને ૧૦૪૮ પેટી સહીત કુલ ૨૦૪૬ પેટી વિદેશી દારૂ સાથે બે શખ્સોની અટકાયત કરી હતી. પરંતુ એક ટ્રકના આરોપીઓ પોલીસને જોઈ ભાગી ગયા હતા. પોલીસે બંને ટ્રક અને દારૂ સહીત કુલ ૧.૪૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો સહીત કુલ ૧.૪૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો હરિયાણાથી ગુજરાતમાં કયાં સ્થળે લઈ જવાતો હતો તે દિશામાં તપાસ હાથ ધરી હતી.

# મોડાસામાં ૮૬ કેબીન ધારકોને વૈકલ્પિક જગ્યા ફાળવણીના હુકમ

મોડાસા, તા. ૨૫

મોડાસામાં આવેલા ૩૦ વર્ષ જુના ૮૯ કેબીન ધારકો પૈકી ૮૬ કેબીન ધારકોને વૈકલ્પિક જગ્યા ફાળવણીના અવરોધ બાદ રાજ્યના મહેસુલ મંત્રી દ્વારા હુકમોનું વિતરણ કરાતાં વર્ષો પછી વિવાદી પ્રશ્ન ઉકેલવાથી હર્ષની લાગણી છવાઈ હતી. જ્યારે અન્ય ૩ કેબીન ધારકો માટે યોગ્ય કાર્યવાહી બાદ અલાયદો હુકમ કરવાની જિલ્લા કલેક્ટરે ખાત્રી આપતા ૩૦ વર્ષ જુનો ગલ્લા પ્રકરણનો પ્રશ્ન ઉકેલાતા નગરજનોમાં રાહત વર્તાઈ હતી.

મોડાસા નગરપાલિકા હદ વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રથી ચાર રસ્તા સુધીના માર્ગ ઉપર ૩૦ વર્ષ અગાઉથી ગલ્લાઓ મુકવામાં આવ્યા હતા. જેના કબ્જેદારોને વર્ષ ૧૧-૫-૯૯માં સાબરકાંઠા કલેક્ટરે ૬૦૧.૧૧ ચો.મી. જગા ફાળવવા ઠરાવ કરતાં ધારકોને પ્રોપર્ટીકાર્ડ સહિત સનદો પુરી પડાઈ હતી. પરંતુ પ્રકરણે વર્ષ ૨૦૦૦માં નામદાર હાઈકોર્ટમાં જનહિતની સ્પે. મી. એપ્લીકેશન નં. ૮૮૪૯/૨૦૦૦થી દાખલ કરાતાં કબ્જેદાર કેબીન ધારકોને જગા ફાળવણીનો પ્રશ્ન અવરોધાયો હતો. નહેરૂ માર્ગ કેબીન માલીક એસોસીએશનના ૮૯ કેબીન ધારકો વતી પ્રમુખ જાનીમલ ઈસરાની, હોતચંદ કેલા સહિતના ધારકોએ નામદાર સુપ્રીમ કોર્ટમાં પ્રશ્નને પડકાર્યો હતો. ગલ્લા પ્રકરણના પ્રશ્ન અને રાજ્ય સરકાર અને જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલે ઉંડાણપૂર્વક અભ્યાસ કરી તા. ૩-૪-૯૮ના મહેસુલ વિભાગના હુકમને ધ્યાને લઈ કેબીન ધારકોને સરકારના હિતમાં કોર્ટ કેસ પાછા ખેંચવા હિતની અન્ય શરતોએ સર્વ નં. ૪૨૯૮, ૪૨૯૯ પૈકી ૪૩૫૦ અને ૪૩૫૧ વાળી ટાઉન પોલીસ સ્ટેશનની ૪૩૫.૫૪ ચો.મી. જગા અને સર્વે નંબર ૪૩૪૯ વાળી તલાટી ચોરાના ૧૬૫.૫૭ ચો.મી. જગા ફાળવવાનો હુકમ કરતાં ૩૦ વર્ષ જુનો ગલ્લા પ્રકરણનો પ્રશ્ન સુખદ રીતે ઉકેલાયો હતો.

રાજ્યના મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા નહેરૂ માર્ગ કેબીન માલીક એસોસીએશનના પ્રમુખ સહિતના ધારકોને વૈકલ્પિક જગા ફાળવણીના હુકમો રૂબરૂ સોંપાયા હતા. રાજ્યના મહેસુલ વિભાગે કેબીન ધારકો પાસે પાકી દુકાન બનાવવા પેટે રૂપિયા ૨૧ લાખ વસુલી સનદો આપી હતી. જ્યારે પાલીકાને થનાર ભાડા વસુલીના નુકશાન પેટે રૂપિયા ૧૨ લાખ કેબીન ધારકોએ પાલીકામાં આપ્યા હતા.

# પરિવાર સાથે વિખુટા પડેલ યુપીના યુવકનું પરિવાર સાથે મીલન કરાવતી બાયડ પોલીસ

### બાયડ પોલીસની પ્રશંસનીય કામગીરીને લોકોએ વખાણી : બે વર્ષ પહેલા યુવાન ઘરેથી ગુમ થયેલ હતો

બાયડ, તા. ૨૫

૧૭ તારીખના રોજ બાયડ પીએસઆઈ તથા તેમની ટીમ નાઈટ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ડેમાઈ નજીક એક અર્ધ પાગલ અવસ્થામાં ફરતો યુવાન દેખાઈ આવતા તેને ઉભો રાખીને તેનુ નામ પુછપરછ કરતા તેણે પોતાનું નામ બાલીદાસ દોધી, રહે. જાખલોન, લલીતપુર હોવાનું જણાવ્યું હતું. જેનો બાયડ પીએસઆઈ બાયડ પોલીસ સ્ટેશન લાવી તેને જમવાનુ વ્યવસ્થા કરાવડાવી અને આ યુવાનના ગામનું નામ નેટમાં સર્ચ કરતા યુવાનનું ગામ યુપીનો હોવાનું માલુમ પડ્યુ હતુ. બાયડ પીએસઆઈએ ઝાંસી પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરી અને ત્યાંથી લલીતપુર પોલીસસ્ટેશનનો સંપર્ક કરી સતત ૭ દિવસ સુધી મોબાઈલ ફોન ઉપર કોન્ટેક ચાલુ રાખી લલીતપુરના જાગરણ દૈનીક સમાચાર તથા અન્ય અખબારના એ પ્રેસ રીપોર્ટરનો સંપર્ક કરી ત્યાના સમાચાર પત્રમાં ફોટા છાપેલ જેથી ઘણા બધાના સંપર્કમાં રહી આજરોજ તેના પરિવારજનો મળી આવેલ હતા. અને તેના નાના ભાઈ ગબ્બર મેલાયમ હરીપ્રસાદ રહે. મેરતીકલા યુપીના એ બાયડ પોલીસ સ્ટેશને આવી અને મળી આવેલ યુવાન પોતાનો ભાઈ ચાલીરાજા હોવાનું ઓળખી બતાવેલ હતુ. તેમજ મળી આવેલ ઈસમે પણ ગબ્બરસિંહ પોતાનો નાનો ભાઈ હોવાનું ઓળખી બતાવેલ હતુ અને પોતાનો ભાઈ બે વર્ષે નીકળી ગયેલ છે અને અસ્થિર મગજનો હોવાનું જણાવતા બાયડ કોર્ટમાં રજુ કરતા બાયડ કોર્ટના જજશ્રી એન.કે. નાયરે મળી આવેલ ઈસમને પોતાના ભાઈને સોંપતા આનંદની લાગણી અનુભવી અને આ ઉત્તમ કાર્ય કરવા બદલ બાયડ પોલીસની પ્રશંસા કરી હતી.

# કાયમી શિક્ષકોની પૂર્ણ પગારથી ભરતી કરવા કોંગ્રેસની માંગ

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધરે, સાર્વત્રિક શિક્ષણ સહુને શિક્ષણનો અધિકાર મળે તે માટે ભાજપ સરકાર નકારાત્મક ભ્રષ્ટાચારી શોષણવાળી નીતિ છોડીને રાજ્યના સાચા વિકાસ માટે કાયમી શિક્ષકોની પૂર્ણ પગારથી ભરતી કરે તેવી માંગણી પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ કરી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશીએ રાજ્ય સરકાર ઉપર આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે શિક્ષણ વિભાગના ભ્રષ્ટાચારી અને અંધેર વહીવટના કારણે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર દિવસે ને દિવસે કથળતુ જાય છે. પીટીસી અને બીએડ થયેલ લાખો યુવાન યુવતીઓએ શિક્ષક બનવાના સ્વપ્ન સાથે મોંઘુ શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે. પણ ભાજપ સરકારની આર્થિક શોષણની નીતિના કારણે મહેનત કરી નોકરીને લાયક બનવા છતાં ભાજપ સરકારની નીતિને કારણે ઉચ્ચ શિક્ષિત ઉમેદવારો બેકારીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે.

ધો. ૧ થી ૫ માં પીટીસી પદવીધારક કે જેઓએ દોઢ વર્ષથી ટેટ-૧ની પરીક્ષા પાસ કરી છે તેવા ઉમેદવારોની તાત્કાલિક ભરતી કરવાની માંગણી કરતા પ્રદેશ પ્રવક્તાએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારની બેધારી નીતિના કારણે સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં ગુણવત્તાલક્ષી શિક્ષણ એ ગંભીર સમસ્યા થઈ છે. બીજી બાજુ ખાનગી શાળાઓને કોઈપણ જાતની સુવિધાઓની ચકાસણી વિના આડેધડ મોટી ફી વસુલવાના પરવાના અપાયા છે.

સમગ્ર દેશમાં ગુજરાત શિક્ષણમાં ૨૧માં છેવાડાના ક્રમાંકે ધકેલાઈ ગયું છે. તેના માટે શિક્ષકોનો અભાવ મુખ્ય કારણ છે. શાળાના ઓરડાઓના અભાવે રાજ્યમાં ૧૪૫૩૨ શાળાઓમાં એક વર્ગ ખંડમાં એક કરતાં વધુ ધોરણની વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ફરજ પડી છે. રાજ્યના આઠ મહાનગરોમાં આવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં દિવસે દિવસે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે તેવો આક્ષેપ મનીસ દોશીએ કર્યો છે.

રાજ્યમાં પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સહિતની સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં નોકરી મેળવવા ઈચ્છુક ઉમેદવારો પાસે ટેટ-૧ ટેટ-૨ ટાટ સહિતની પરીક્ષાઓની ફી પેટે છેલ્લા છ વર્ષમાં સરકારે રૂ. ૫૦ કરોડ કરતા વધુની રકમ ઉઘરાવી લીધી છે.